Sandesh (Citylife)

EDI

February 22, 2015
Page No. 4

### ઈડીઆઈના સ્ટુડન્ટ્સે આદિવાસીઓ માટે બનાવ્યો બિઝનેસ પ્લાન

# ટ્રાઇબલ આંત્રપ્રિન્યોરશીપમાં વિશાળ તકો રહેલી છે

**અમદાવાદ : ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૫**

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા ખાતે બાઈએન્યુઅલ કોન્ફરન્સ ઓન આંત્રપ્રિન્યોરશિપ નું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસ ચાલનારી આ ઈવેન્ટમાં ભારત ઉપરાંત અલ્જેરિયા, બાંગ્લાદેશ, ઈથોપિયા, જર્મની, સાયબેરિયા, ઈન્ડોનેશિયા, જોર્ડન, મલેશિયા, યુ.કે, યુ.એસ.એ, ઝિમ્બાબ્વે વગેરે દેશોમાંથી કુલ ૩૫૦ રિસર્ચ પેપર સબમિટ કરવામાં આવ્યાં હતા. આ ૩૫૦માંથી ૧૪૪ રીસર્ચ પેપરની પ્રેઝન્ટેશન માટે પસંદગી કરાઈ હતી. જેમાં ઈડીઆઈના ચાર સ્ટુડન્ટ્સ આદિત્ય કુમાર અને અદિતિ પાટીલ, પલક પટેલ અને જય મેરજાના રિસર્ચ પેપર્સ રજૂ કરવા પસંદગી પામ્યા છે.

### સ્ત્રીઓમાં યુનિક આઇડિયા છુપાયેલો હોય છે

ઇડીઆઇના સ્ટુડન્ટ્સ પલક પટેલ અને જય મેરજા દ્વારા 'વુમન આંત્રપ્રિન્યોરશીપ' પર એક રિસર્ચ પેપર પ્રેઝન્ટ કર્યું હતું. પોતાના પ્રેઝન્ટેશન વિશે વાત કરતા સ્ટુડન્ટ્સ કહે છે



કે, અમારા રિસર્ચમાં જેઓ પોતાની જૉબની સાથે આંત્રપ્રિન્યોર પણ બનવા માંગતી હોય તેવી મહિલાઓનો સમાવેશ કરાયો હતો. આ પરથી અમને જાણવા મળ્યું કે તે મહિલાઓમાંથી ઘણી મહિલાઓને સરકારી સ્કીમના લાભ વિશે માહિતી નથી. અમે અમારા રીસર્ચમાં એ પણ માહિતી મેળવી છે કે ઘણી સ્ત્રીઓના કેસમાં લોકો તેમને સમગ્ર બિઝનેસની જવાબદારી આપી દેવામાં માનતા નથી. પરંતુ, આજે પણ આપણા દેશમાં સ્ત્રીઓ જૉબ કરતી હોય તો પણ તેમના મનમાં યુનિક આઇડિયા તો છુપાયેલો જ હોય છે.

### ટ્રાઇબલ આંત્રપ્રિન્યોરશીપ મોટો ઓપ્શન બની શકે છે

ઇડીઆઇના સ્ટુડન્ટ્સ આદિત્ય કુમાર અને અદીતિ પાટીલ દ્વારા ટ્રાઇબલ આંત્રપ્રિન્યોરશીપ પર રીસર્ચ પેપર પ્રેઝન્ટ કરવામાં આવ્યું હતું. પોતાના રિસર્ચ પેપર વિશે વાત કરતા બંને સ્ટુડન્ટ્સ કહે છે કે, 'અમે સમર ઇન્ટર્નશીપમાં એક મહિના સુધી ડાંગના જંગલોમાં આદિવાસીઓ સાથે રહ્યાં હતાં. અમે તેમની કળા-કારીગરીને બહુ નજીકથી



જોઇ હતી. ત્યાં બિઝનેસના ઘણાં અવ્કાશ છે. તેમની પાસે જમીનની અછત છે પરંતુ, પરંપરાગત કળાનો ખજાનો છે. જો કોઇ કંપની કે એનજીઓ દ્વારા તેમના મહુડાના ફુલમાંથી જામ બનાવવાનો પ્લાન, નાગલીમાંથી બનતી વસ્તુઓ તૈયાર કરવાનો પ્લાન વગેરે તૈયાર કરવામાં આવે તો સક્સેસફુલ થઇ શકે છે.